सत्यमेव जयते

દાખલ થયા તારીખ : ૦૫/૦૬/૦૬
રજી લીધા તારીખ : ૦૫/૦૬/૦૬

નિકાલ તારીખ : ૧૭/૦૧/૨૫

સમય : વર્ષ : , માસ : , દીવસ :

**અમદાવાદના ૧૦ મા એડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ, શ્રી આર.એ.અગ્રવાલ સાહેબની કોર્ટ નં ૧૪ મા. મુ. અમદાવાદ શહેર**

**ક્રિ.કેસ.નંબર : ૧૫૦૫/૦૬**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વીરુધ્ધ**

**આરોપી:૦૧)યુસુફભાઈ જાતે મન્સુરસ**
**રહે: ૧૩/૮ ગુલશન ઈકબાલ સોસાયટી સરખેજ રોડ જુહાપુરા અમદાવાદ શહેર**

---

**ગુનો : ઈ.પી.કો ની કલમ ૩૩૭ , ૩૩૮ , એમ.વી.એકટ ૧૭૭ , ૧૮૪ મુજબ**

---

**ફરીયાદપક્ષે:વી.એપીપી.શ્રી.બી.એચ.જાની**
**આરોપીપક્ષે:વી.વકીલ.શ્રી. એસ.એ.તિવારી**

---

# – ચુ કા દો –

**૦૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમા હકીકત એવી છે આ કામના ફરીયાદી બાઈ લારી લઈને સ્ટેટ બેંક કોર્નર રોડથી રાજીવનગર તરફ કચરો નાખવા જતી હતી તે વખતે આ કામના આરોપીએ એ.એમ.ટી.એસ નં જીજે.૧.ટી.વાયવાયર૦ ની સ્ટેટ બેંક કોર્નર તરફ થી ગફલત ભરી રીતે ચલાવી લાવી પાશ્વનાથ પ્રોવિઝન સ્ટોર્સ

આગળ ફરીયાદીબાઈને પાછળથી ટકકર મારતા બાઈ નીચે પડી જતા જમણા હાથની કોણી ઉપર જમણા પગના થાપા ઉપર ફેકચર કરી તેમજ માથાના પાછળના ભાગે ઈજા ઓ કરી ઈપીકો ની કલમ ૩૩૭ , ૩૩૮,એમ.વી.એકટ ૧૭૭ , ૧૮૪મુજબગુનો કરલ છે.` જે અંગેની ફરીયાદ બાપુનગર પોલીસ સ્ટેશનમા આપેલી.

૦૨) આ કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામા આવેલ છે જે સમન્સને ધારા ધોરણસર બજવણી થતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ જેથી ક્રિ. પી.કોડની કલમ ૨૦૭ અન્વયે ની જોગવાઈ નું પાલન કરવામા આવેલ અને આરોપીની સામે તહોમતનામું આંક ૦૩ નોંધવામા આવેલ છે. અને ત્યારબાદ ગુના સબબ આરોપીની પ્લી આંક ૦૪મા નીવેદન નોંધવામા આવેલ છે તેમા તેઓને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવતા સદર ગુન્હો તેઓને કબુલ ન હોવાનું જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવે છે.

૦૩) ફરીયાદપક્ષે તરફથી નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવમા આવેલ છે.

**<u>મૌખીક પુરાવા</u>**

| ક્રમ | ફરીયાદી/સાહેદ | આંક |
|---|---|---|
| ૦૧ | સાહેદ ઈસ્વરભાઈ રમણભાઈ સોલંકીની જુબાની | આંક ૦૫ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૦૬ |
| ૦૨ | પંચનામુ | ૦૭ |
| ૦૩ | મેડીકલ સર્ટી | ૦૮ |

૪) ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણયો સારૂ નીચે મુજબ મુદદા ઉપસ્થીત થાય છે.

**– ૦ <u>મુદ્દાઓ</u> ૦ –**

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણેપુરવાર કરે છેકે,આ કામના ફરીયાદી બાઈ લારી લઈને સ્ટેટ બેંક કોર્નર રોડથી રાજીવનગર તરફ કચરો નાખવા જતી હતી

તે વખતે આ કામના આરોપીએ એ.એમ.ટી.એસ નં જીજે.૧.ટી.વાયવાયર૦ ની સ્ટેટ બેંક કોર્નર તરફ થી ગફલત ભરી રીતે ચલાવી લાવી પાર્શ્વનાથ પ્રોવિઝન સ્ટોર્સ આગળ ફરીયાદીબાઇને પાછળથી ટકકર મારતા બાઈ નીચે પડી જતા જમણા હાથની કોણી ઉપર જમણા પગના થાપા ઉપર ફેકચર કરી તેમજ માથાના પાછળના ભાગે ઈજા ઓ કરી ઈપીકો ની કલમ ૩૩૭ , ૩૩૮,એમ.વી.એકટ ૧૭૭ , ૧૮૪મુજબગુનો કરલ છે?

૦૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧... નકારાત્મક.**
**૨... આખરી હુકમ મુજબ.**

૦૭) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**– ૦ કા ર ણો ૦–**

૦૮) ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્વારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે

૦૯) ફરીયાદપક્ષ તરફથી ફરીયાદીને આંક ૦૫ થી સાહેદ ઈસ્વરભાઈ રમણભાઈ સોલંકીનાઓનેતપાસવામા આવેલ છે જો તેમની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ તેમા જણાવેલ છે કે સને ૨૦૦૬ મા હુ સરસપુર હેલ્થ માસ્ટર સ્ટેશનમા મુકર્દમ તરીકે ફરજ બજાવતો હતો ત્યારે તા: ૪/૦૪/૦૬ના રોજ મારી સાથે ફરજ બજાવતા યોગેન્દ્રભાઈનો મને ફોન આવેલો અને જણાવેલ કે વીમળાબેન મંગાભાઈ નાઓએ એ એમ ટીએસ બસ સાથે અકસ્માત થયેલો આ વીમળાબેન સફાઈકામદાર હતા જેથી હુ શારદાબેન હોસ્પીટલમા વીમળાબેન સફાઈકામદાર હતા જેથી હુ શારદાબેન હોસ્પીટલમા વીમળાબેનની તપાસ કરવા ગયેલો ત્યારબાદ ડોકટરો જણાવતા પોલીસ કેસ કરેલો જેની ફરીયાદ વીમળાબેન આપી તેમ જણાવેલ છે તેઓની સરતપાસ પરથી ખરેખર એએમટીએસ બસ કઈ હતી કે ચલાવનાર કોણ હતુ તે બાબત ની તેઓની ખબર નથી વધુમા તેઓ નજરે જોનાર સાક્ષી નથી તેઓને ફોન માત્ર થી આ બાબત ની જાણ થયેલી વધુમા તેઓની ઉલટતપાસમા માત્ર એ બાબત જ જણાઈ આવેલ છે બનાવ મે નજરે જોયેલ નથી જેથી કોઈ જાત માહીતી નથી.

**૧૦)** આમ તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદીનેજ આ કેસમા તપાસવામા આવેલ નથી વધુમા કોઈ પંચ સાહેદને પણ તપાસવમા આવેલ નથી કે નજરે જોનાર સાહેદ ને પણ તપાસવામા આવેલ નથી ફકત એક માત્ર સાક્ષીને તપાસવામા આવેલ છે તે પણ નજરે જોનાર સાહેદ નથી અને તેઓ પણ ઘટના અંગે કે બસ ચલાવનાર અંગે કઈ જાણતા ન હોય તેવુ જણાઈ આવે છે આમ ફરીયાદીને જ તપાસવામા આવેલ ન હોય જેથી ફરીયાદપક્ષને મરણ તોડ ફટકો પડેલ છે આમ તમામ સંજોગો ધ્યાને લેતા પુરાવાના અભાવે ફરીયાદપક્ષ આરોપીના ગુના સાબીત કરવામા નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદદા નંબર ૧** નો જવાબ **નકારાત્મક** અને **મુદદા નંબર ૨** નો **આખરી હુકમ મુજબ** રહેશે.

**– ૦ હુકમ ૦ –**

**૦૧)** આ કામના આરોપીનાઓને **ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧)** હેઠળ ઈ.પી.કો ની કલમ**૩૩૭ , ૩૩૮ , એમ.વી.એકટ ૧૭૭ , ૧૮૪મુજબ** નાગુનામાંથી **નીર્દોષ** છોડી મુકવામા આવે છે.

**૦૨)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના ૫૦૦૦ ના જામીન રજુ કરવાના રહેશે. અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા– **૧૭ ,** માહે– **જાન્યુઆરી ,** સને– **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૭/૦૧/૨૦૨૫ **( આર.એ.અગ્રવાલ )**

અમદાવાદ શહેર ૧૦માએડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

સાહેબ શ્રી ની કોર્ટ નં ૧૪,અમદાવાદ શહેર

જી.જે.૦૦૯૩૩